# ગોળ અને ખાંડના જથ્થાબંધ ભાવ ઘટ્યા, જ્યારે તુવેરદાળમાં વધ્યા, ઘરની સ્થિતિ કડવી

## ગોળ અને ખાંડના વિક્રમી ઉત્પાદને માંગ કરતાં પૂરવઠો વધુ, જ્યારે દાળમાં સંગ્રહાખોરી, ગ્રાહકોની સ્થિતિ કફોડી

ગાંધીનગર, તા. ૧૦

રસોઈમાં વપરાતા કાચા મટીરીયલ્સ એવા ગોળ અને ખાંડે આખરે ગૃહીણીઓને હાશકારો આપ્યો છે. હાલ ગોળ અને ખાંડના જથ્થાબંધ ભાવમાં ધરખમ ઘટાડો આવ્યો છે. પરંતુ તુવેરની દાળે ગૃહીણીઓને તોબા પોકારાવી દીધી છે. સિઝન શરૂ થતા જ તુવેરની



(તસવીર : ધર્મેન્દ્ર મહેતા)

દાળ સર્વોચ્ચ ભાવે પહોંચી ગઈ છે. જેથી ઘરનું બજેટ ઠેરનું ઠેર થતાં રાહત મળી નથી. ઉત્પાદીત ચિજવસ્તુઓના વિક્રમી ઉત્પાદને ભાવમાં વધઘટ રહે છે. પરંતુ તેનો લાભ ગ્રાહકોને ન મળતા સંગ્રહાખોરો અને સટ્ટોડીયા મેળવી બજારમાં ખાદ્ય ચિજવસ્તુઓ ઉપર ભારે પકડ જમાવી રાખે છે. સરકાર દ્વારા આ અંગે યોગ્ય પગલાં ભરાય તેવી માંગ ગૃહીણીઓ કરી રહી છે.

સરકાર દ્વારા સમયાંતરે મોંઘવારી આંક જાહેર કરવામાં આવે છે પરંતુ હકીકત તેનાથી તદ્દન વિપરીત હોય છે. જેમાં અનેક પરિબળો ભાગ ભજવતા હોય છે. હાલમાં સાંગલી, કોલ્હાપૂર, પૂના, મુઝફ્ફરનગરથી આવતા ગોળના ભાવમાં જબરદસ્ત ઘટાડો જોવા મળ્યો છે. હાલ ગોળ જથ્થાબંધ ભાવ ૩૩૦૦ થી ૩૪૦૦ બોલાઈ રહ્યો છે જે દસ વર્ષના ઈતિહાસમાં સૌથી નીચો ભાવ હોવાનું વેપારીઓ જણાવી રહ્યા છે. તો ખાંડનો ભાવ પણ જથ્થાબંધ વાયદામાં ૨૫૫૦ થી ૨૬૦૦ બોલાઈ રહ્યો છે. જો કે છુટક વેચાણમાં કિલોએ બે થી ત્રણ રૂપિયાનો વધારો બજારમાં જણાઈ રહ્યો છે. ખાંડનું ઉત્પાદન બારડોલી તથા મહારાષ્ટ્રમાં વધુ થઈ રહ્યું છે. આ બે ખાદ્યચિજોનું જે તે પ્રદેશોમાં વિક્રમી ઉત્પાદન થયું છે તો સામે માંગ ઘટી છે જે કારણે ભાવોમાં ઘટાડો થયો હોવાનું જથ્થાબંધ વેપારીઓ જણાવી રહ્યા છે.

દાળ અને ચોખા ભરવાની દર વર્ષની જેમ સિઝન આવતા જ તુવેરદાળનો ભાવ ૨૫ થી ૩૦ ટકા જેટલો વધી ગયો છે. હાલમાં તુવેર દાળ બજારમાં ૮૫ થી ૯૦ના ભાવે વેચાણ થઈ રહી છએ. જથ્થાબંધ વેપારીઓનું માનીએ તો નવા માલનો સંગ્રહ કરી વાયદો અને સટ્ટાખોરી થકી જ આ ભાવ આસમાને પહોંચાડ્યા છે. જો કે તુવેરદાળનો ભાવ ઘટીને ચાર વર્ષ અગાઉ રૂ. ૪૮ જેવો થઈ ગયો હતો જે ચાલુ સાલે બમણો થઈ ગયો છે. મધ્યમ અને ગરીબ વર્ગની ગૃહીણીઓ હાલમાં દાળ ભરવા બાબતે અળગી બની છે. જેથી રસોઈ ઘરમાં મીઠાસ અને કડવાસ બન્નેનો સમન્વય થતાં બજેટની સ્થિતિ યથાવત રહેવા પામી છે. છતાં પણ ખાદ્યચિજોના ડ્ટતા ભાવોનો લાભ ગ્રાહકો સુધી પહોંચે તે માટે સરકારની ભૂમિકા અનિવાર્ય બની હોવાનું ગૃહીણીઓ જણાવી રહી છે.

# જૈન સોશ્યલ ગૃપના પદાધિકારીઓનો શપથવિધિ સમારંભ યોજાશે

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર જૈન સોશ્યલ ગૃપના વર્ષ ૨૦૧૫ના નવનિયુક્ત પ્રમુખ તથા કાર્યવાહક સમિતિના સભ્યોનો શપથવિધિ સમારોહ અને સભ્યોના મનોરંજન માટે સંગીતમય કાર્યક્રમ યોજાશે.

ગાંધીનગર નજીકના રાંધેજા સ્થિત હોટલ ઘુંઘટ ખાતે તા. ૨૨મી માર્ચ-૨૦૧૫નેરવિવારે ૧૦થી ૧ દરમિયાન હોદ્દેદારોનો શપથવિધિ સમારંભ યોજાશે. જેમાં જૈન સોશ્યલ ગૃપ્સ ઈનટ્રનેશનલ ફેડરેશનના ટ્રેઝરર મનીષ શાહ શપથ લેવડાવશે. સમારંભમાં મુખ્ય મહેમાન પદે અરવિંદભાઈ દોશી, અતિથિવિશેષ પદે પિનાકીનભાઈ શાહ, ચિરાયુભાઈ કોઠારી ઉપસ્થિત રહેશે.

ઉપરાંત વર્તમાન કારોબારી અને નવી કારોબારીના સંયુક્ત ઉપક્રમે શપથવિધિ અગાઉ તા. ૧૫મી માર્ચ-૨૦૧૫ને રવિવારે સવારે ૧૦ કલાકે ટાઉનહોલ સે. ૧૭ ખાતે ગુડમોર્નિંગ, ગોડ મોર્નિંગ સંગીતમય કાર્યક્રમનું પણ આયોજન કરવામાં આવ્યું છે. આ સંગીતના કાર્યક્રમમાં કલાકારો આરતી મુનશી, દર્શના ગાંધી ઠક્કર, સ્યામલ સૌમિલ મુન્સી અને વક્તા તરીકે કટારલેખક જય વસાવડા ઉપસ્થિત રહેશે.

# સેક્ટર-૫ માં મંદિરે જતી વૃદ્ધાના ગળામાંથી દોરો ખેંચાયો

ગાંધીનગર શહેરના સેક્ટર-૫-બી પ્લોટ નં. ૬૦૪/૧ ખાતે રહેતા હિતેશગીરી સુખદેવગીરી ગોસ્વામીની માતા મહાકાળી મંદિરે દર્શન કરવા જઈ રહ્યા હતા. ત્યારે બપોરે ૧૨.૦૦ વાગ્યાના અરસામાં બાઈક પર ડબલ સવારી આવેલા ચેઈન સ્નેચર્સે વૃદ્ધાના ગળામાં હાથ મારીને બે તોલા વજનનો સોનાનો દોરો ખેંચી બન્ને શખ્સો રફુચક્કર થઈ ગયા હતા. પોલીસ ફરીયાદ કરવા ગયેલા વૃદ્ધના દિકરા હિતેશગીરીની ફરીયાદ નોંધાવાને બદલે પોલીસે માત્ર અરજી લઈ નીકાળી મુક્યા હતા.

# હરસ-મસા-ભગંદરનો મફત કેમ્પ યોજી આંતરરાષ્ટ્રિય મહિલા દિવસ મનાવ્યો



ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર શહેરમાં ૮મી માર્ચ આંતર રાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી કરવામાં આવી. નગરની અનેક સંસ્થાઓએ મહિલાઓ માટે વિવિધ માહિતીસભર કાર્યક્રમો અને કેમ્પનું આયોજન કર્યુ. ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી ગાંધીનગર દ્વારા હરસ, મસા, ભગંદરનો નિઃશુલ્ક કેમ્પ યોજવામાં આવ્યો હતો.

ગાંધીનગર સેક્ટર-૧૫ સ્થિત ફતેપુરા ગામમાં હરસ, મસા, ભગંદરનો મફત તપાસ કેમ્પ યોજવામાં આવ્યો હતો. આંતર રાષ્ટ્રિય મહિલા દિવસ નિમિત્તે ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી દ્વારા મહિલાઓ માટે કેમ્પનું આયોજન કર્યુ હતું. કેમ્પમાં ૧૧૯ જેટલી મહિલાઓએ તપાસ કરાવી હતી. રેડક્રોસ સોસાયટીના ડૉ. એકતા પટેલ દ્વારા મહિલાઓને તપાસી સલાહ સૂચન સાથે દવા આપી હતી. તેમજ ઓપરેશનની જરૂરિયાતવાળી મહિલાઓને પોતાની હોસ્પિટલ ખાતે ઓપરેશન કરવા માટે તારીખ આપવામાં આવી હતી.

રેડક્રોસ સોસાયટી અને ડૉ. એકતા પટેલની ટીમ દ્વારા સેવાકીય કાર્ય કરી આતરરાષ્ટ્રિય દિવસને ખરા અર્થમાં ઉજવ્યો હતો.

# ખોરજ કેનાલમાંથી યુવાનનો તરતો મૃતદેહ મળી આવ્યો

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર નજીક સ્થિત ખોરજ નર્મદા કેનાલમાંથી ગઈ મોડી સાંજે એક અજાણ્યા યુવાનનો તરતો મૃતદેહ મળી આવતા ચકચાર મચી જવા પામી છે. અડાલજના યુવાને મૃતદેહ જોઈને અડાલજ પોલીસને જાણ કરતાં જમાદાર ભીખાભાઈ ઘટનાસ્થળે પહોંચી ગયા હતા અને અકસ્માત મોતનો ગુનો દાખલ કરી બિનવારસી મૃતદેહ પી.એમ. માટે મોકલી તેની ઓળખ તથા મૃત્યુનું કારણ બહાર લાવવા તજવીજ શરૂ કરી છે.

અડાલજ ગામમાં રહેતા સોનુ ચંદુભાઈ ખત્રી ખોરજ નર્મદા કેનાલ પાસેથી પસાર થઈ રહ્યા હતા તે દરમ્યાન કેનાલના પાણીમાંથી એક અજાણ્યા યુવાનનો તરતો મૃતદેહ જોઈ તેણે અડાલજ પોલીસને જાણ કરી બોલાવી લીધી હતી. અડાલજ પોલીસે ઘટના સ્થળે પહોંચી મૃતદેહ બહાર કઢાવી તપાસ કરી પરંતુ આશરે ૪૦ વર્ષની વયના યુવાનની ઓળખ થાય તેવા કોઈ પુરાવા મળી આવ્યા ન હતા. મૃતદેહ જોતા અંદાજે બે-ત્રણ દિવસ સુધી પાણીમાં હોય તેવો ફોગાઈ ગયેલો મૃતદેહ હતો. પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરી યુવાનના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ મોકલી તેની ઓળખ માટે તથા મૃત્યુનું કારણ બહાર લાવવા માટે દોડધામ શરૂ કરી છે.

## અવસાન નોંધ

ગાંધીનગર સ્થિત પ્રવિણચંદ્ર પારેખના ધર્મપત્ની અને રાજેશ, અંબરીષ અને રૂપલના માતૃશ્રી વિણાબેન પારેખનું અવસાન થવા પામ્યું છે. સ્વર્ગસ્થનું બેસણુ તા. ૧૨ માર્ચ, બપોરે ૪ થી ૬ કલાક દરમિયાન તેમના નિવાસસ્થાન ઉર્જાનગર વિભાગ૧ સોસાયટી કોમન પ્લોટ, રાંદેસણ ખાતે રાખેલ છે.

# પવનના સુસવાટે નગરમાં ફરી ઠંડીનો ચમકારો

ગાંધીનગર, તા.૧૦

છેલ્લાં કેટલાય સમયથી વાતાવરણમાં અચાનક ફેરફારો આવ્યા કરે છે. ગઈકાલ સુધી વધી રહેલી ગરમીના પ્રમાણમાં આજે વહેલી સવારથી અચાનક જ તેજ ગતિએ ફુંકાતા પવનને કારણે અસર પડી હતી અને સવારના સમયે નગરજનોએ ઠંડીના પ્રમાણમાં વધારાનો અનુભવ કર્યો હતો. આજનું મહત્તમ તાપમાન જો કે ૩૨.૫ ડિગ્રી સેલ્શિયસ રહેવા પામ્યું હતું. જયારે લઘુત્તમ તામપાન ઘટીને ૧૭.૫ ડિગ્રી સેલ્શિયસ નોંધાયું હતું.

વાતાવરણમાં ભેજનું પ્રમાણ સવારે ૩૬ ટકા હતું જે ઘટીને સાંજે ૨૯ ટકા નોંધાયું હતું. આજે વહેલી પરોઢથી મોડી સવાર સુધી સતત ફુંકાતા પવનને કારણે ઠંડીનું પ્રમાણ વધારે જણાયું હતું. બે ત્રણ દિવસથી સતત ગરમી વધવાનો અનુભવ કરી રહેલા નગરજનોએ એકાએક આજે ફરી ઠંડીનો અનુભવ કર્યો હતો. છેલ્લા કેટલાક સમયથી ગરમીમાં અચાનક વધારો પછી કમોસમી વરસાદ અને તેના પગલે પુનઃ ઠંડી અને ત્યારબાદ ફરી ગરમી અંતમાં ફરી ઠંડી આમ મૌસમમાં સતત બદલાવ આવી રહ્યો છે. આ બદલાવને કારણે શરીરનું આંતરિક સંતુલન સાધવું મુશ્કેલભર્યું બની રહે છે અને જેના કારણે નાની મોટી ઋતુજન્ય બિમારીઓનો ભોગ નગરજનો બની રહ્યા છે. હાલ નગરના દવાખાનાં આ પ્રકારની વાઈરલ બિમારીઓના દર્દીઓથી ઉભરાઈ રહ્યાં છે. જેમાં સ્વાઈન ફલુ ઉપરાંત શરદી-ખાંસી-સળેખમ, હાથ પગ તુટવા, માથુ દુઃખવું વગેરેનો સમાવેશ થાય છે. નગરમાં મચ્છરોનું પ્રમાણ પણ વાતાવરણમાં ઠંડીનું પ્રમાણ હોવાથી વધુ રહેવા પામ્યું છે.

# ગુલાબી સાડી પહેરી મહિલા દિવસે ૩૫૦ શિક્ષિકાઓએ રેલી યોજી

## આંતરરાષ્ટ્રિય મહિલા દિવસની કડી વિદ્યાલય અને ગાંધીનગર વુમન ડેવલોપમેન્ટે ઉજવણી કરી

ગાંધીનગર, તા. ૧૦

મહિલાઓ સામે થઈ રહેલા અત્યાચારો રોકવા, સ્ત્રીભ્રુણ અટકાવવા અને મહિલાઓને પુરૂષ સમોવડી બનાવવાની નેમ સાથે સર્વ નાખવામાં આવે છે.

કડી વિદ્યાલયની ૩૫૦ જેટલી શિક્ષિકાઓએ ગુલાબી સાડીમાં રેલી યોજી હતી. સેક્ટર-૧૫ યુનિવર્સિટીથી સેક્ટર-૨૩ કડી કેમ્પસ સુધી કુમારી હિમાની ત્રિવેદીને મહિલા ગૌરવ પુરસ્કાર આપી સન્માનિત કરવામાં આવી હતી.

તેમજ રાષ્ટ્રિય અને આંતરરાષ્ટ્રિય કક્ષાએ નામના



વિદ્યાલય કેળવણી મંડળ અને ગાંધીનગર વુમન ડેવલોપમેન્ટ સેલ દ્વારા રેલી કાઢી આંતરરાષ્ટ્રિય મહિલા દિવસની ઉજવણી કરી હતી. વિવિધ ક્ષેત્રે કાઠુ કાઢનાર મહિલાઓને સન્માનિત કરવામાં આવી હતી.

ગાંદીનગર સ્થિત સર્વ વિદ્યાલય મંડળ અને ગાંધીનગર વુમન ડેવલપમેન્ટ સેલ દ્વારા આંતરરાષ્ટ્રિય મહિલા દિવસની ઉજવણી કરવામાં આવી હતી. મહિલાઓ સામે હાલમાં અત્યાચારો વધી રહ્યા છે. રાજ્યમાં મહિલાઓ પોતાને અસુરક્ષિત માની રહી છે. દિકરીઓને કુખમાં મારી બેટીઓને મહત્વ આપતા બેનરો સાતે રેલી કાઢી હતી. દિકરીને સાપનો ભારે સમજવામાં આવે છે. બેટીઓને બચાવો અને ખુબ ભણાવો, નારી તુ નારાયણની પ્લે કાર્ડ સાથે ગુલાબી સાડીમાં રેલી યોજી હતી. આ સમયે શિક્ષિકાઓએ ગુલાબી ગેંગની યાદ અપાવી દીધી હતી.

ખિમજી વિસરામ હોલમાં પ્રદર્શન યોજવામાં આવ્યુ હતુ. તેમજ વિવિધ ક્ષેત્રે પરસેવો પાડી શિખર પર પહોંચેલી મહિલાઓને એવોર્ડ આપવામાં આવ્યા હતા. જીવનમાં કઠોર પરિશ્રમ કરી સિદ્ધિ મેળવેલ મેળવનાર અને ૩૬ પીએચ.ડી.ની પદવી મેળવેલ બહેનોનું સન્માન કરી પ્રમાણપત્ર આપવામાં આવ્યા હતા. ખિમજી વિસરામ હોલના સ્ટેજ પર મહિલાઓ નાટક, સમૂહગાન, કાવ્યપટન, નૃત્ય સહિતના સાંસ્કૃતિક કાર્યક્રમો યોજ્યા હતા.

જેમાં મુખ્ય મહેમાન તરીકે વુમન ઓફ ધયર એવોર્ડ ફિક્કી-ફેલો, ચેન્નઈ, ચેપ્ટર વિજેતા યામિનીબેન ઠક્કર, પ્રેસિડેન્ટ, કનુભાઈ પટેલ, વલ્લભભાઈ પટેલ, ડી.ટી. કાપડિયા, ડીન વિણાબેન સહિત મોટી સંખ્યામાં નગરની અગ્રણી મહિલાઓ ઉપસ્થિત રહી હતી.

# સહજાનંદ સ્કૂલ ઓફ એચિવરનો ઈનામ વિતરણ સમારંભ તેમજ વાર્ષિકોત્સવ-૨૦૧૫ યોજાયો

ગાંધીનગર, તા. ૧૦

તા.૮મી માર્ચ - ૨૦૧૫ને રવિવારના રોજ ગાંધીનગર ટાઉન હોલ ખાતે સહજાનંદ એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત,સરગાસણ સ્થિત સહજાનંદ સ્કૂલ ઓફ એચિવર (ગુજરાતી-અંગ્રેજી માધ્યમ),નો વાર્ષિકોત્સવ અને ઈનામ વિતરણ સમારંભ યોજાયો. બોર્ડ અને જિલ્લામાં સ્થાન હાંસલ કરનાર વિદ્યાર્થીઓને મોટી રકમના પ્રોત્સાહક ઈનામના ચેક સંસ્થાવતીથી ટ્રસ્ટીગણે , મેનેજિંગ ડિરેક્ટરે અર્પણ કર્યા.

સાથે સાથે શિક્ષણ ગુણવત્તા, સંસ્કાર ઘડતર અને સહજાનંદ ચાઈલ્ડ વર્લ્ડ-ભૂલકાઓની અનોખી દુનિયા વિષયક ડોક્યુમેટરી રજુ થઈ. સહજાનંદ એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત, સહજાનંદ ચાઈલ્ડ વર્લ્ડના પ્રિન્સિપાલ શ્રીમતી સથી વેણુગોપાલને શાળાની શૈક્ષણિક પદ્ધતિથી સૌને વાકેફ કર્યા. ''સહજાનંદ




સ્કૂલ ઓફ એચિવર''ના ધોરણ ૧૧ના અભ્યાસુ બાળકોની સુષુપ્ત શક્તિને ઉજાગર કરી, આત્મશ્રધ્ધાના બીજારોપણ થકી, બોર્ડ પરીક્ષામાં જ્વલંત સફળતા હાંસલ કરાવવા પ્રતિષ્ઠિત માઈન્ડ ટ્રેનર શ્રી પરીક્ષિત જોબનપુત્રાએ ૨ કલાક સુધી વિદ્યાર્થીઓ અને વાલીઓને પ્રેરિત કર્યા. આચાર્યશ્રી ડો.મહેન્દ્રભાઈ સોઢાએ પ્રસંગોચિત આભારવિધિ કરી.

# ચ-૦ સર્કલ પાસે પોલીસની ટ્રાફિક ડ્રાઈવ : ૧૦ વાહન ડીટેઈન

## ત્રણ કલાકમાં પોલીસે રૂ. ૨૦ હજારનો દંડ વસુલ્યો

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર જિલ્લા ટ્રાફિક પોલીસે આજે શહેરના ચ-૦ સર્કલ નજીક ટ્રાફિક ઝુંબેશ હાથ ધરી નિયમોનો ભંગ કરનાર વાહનચાલકો સામે દંડનીય કાર્યવાહી કરી હતી અને ૧૦ વાહન ડીટેઈન કરી રૂ. ૨૦ હજારનો દંડ વસુલ્યો હતો.

પોલીસ સૂત્રો પાસેથી મળેલી માહિતી અનુસાર જિલ્લામાં વધતા જતા વાહનો અને તેના લીધે બનતા બનાવોમાં નોંધપાત્ર વધારો હાલ ચિંતાનો વિષય બન્યો છે. ત્યારે વાહન ચાલકો વાહન હંકારતી વખતે ટ્રાફિકના નિયમોનું પાલન કરે તો આ વધતી જતી સમસ્યામાં ઘટાડો થઈ શકે તેમ છે. આમ વાહન ચાલકોમાં ટ્રાફિકના નિયમો અંગે સભાનતા આવે અને નિયમોનો ભંગ કરનાર વાહન ચાલકો સામે ગાંધીનગર ટ્રાફિક પોલીસે હાલ લાલ આંખ કરી ટ્રાફિક ઝુંબેશ હાથ ધરી છે.

ગાંધીનગર જિલ્લા ટ્રાફિક પોલીસના પી.આઈ. વાય.આર. ગામીતની આગેવાનીમાં ટીમે શહેરના ચ-૦ સર્કલ પાસે ટ્રાફિક ઝુંબેશ હાથ ધરી હતી. પોલીસે સવારે ૯ થી ૧૨ દરમિયાન માર્ગ પર હેલ્મેટ, સીટબેલ્ટ અને પુરાવા વગર વાહન હંકારનાર તેમજ કારના કાચ પર ફિલ્મ પટ્ટી અને ફેન્સી નંબર પ્લેટ લગાવી ફરતા વાહનચાલકોને અટકાવી તેમની સામે કાર્યવાહી હાથ ધરી હતી. જેમાં પોલીસે ૧૦ જેટલા વાહન ડીટેઈન કરી વાહન ચાલકોને સ્થળ પર જ પાવતી પકડાવી દઈ રૂ. ૨૦ હજારના દંડની વસુલાત કરી હતી. આ ટ્રાફિક ઝુંબેશને લીધે વાહન ચાલકોમાં ફફડાટ જોવા મળ્યો હતો.

# બોર્ડના પરીક્ષાર્થીઓને ગુજરાત કોંગ્રેસ પ્રમુખની શુભેચ્છાઓ

ગાંધીનગર, તા. ૧૦

રાજયભરમાં ધોરણ-૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષાઓ તા. ૫મી માર્ચથી પ્રારંભ થઈ રહી છે. આ પરીક્ષામાં ૧૭.૩૨ લાખ જેટલા વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓ પરીક્ષા આપવાના છે ત્યારે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ ભરતસિંહ સોલંકીએ તેમને શુભેચ્છાઓ પાઠવી છે. ભરતસિંહે આ વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓ બોર્ડની પરીક્ષામાં જવલંત સફળતા મેળવી માતા પિતા અને પરિવારનું નામ રોશન કરે તે માટે શુભેચ્છાઓ પાઠવી છે.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

**સૂર્યોદય : ૬.૫૪**
**સૂર્યાસ્ત : ૬.૪૮**

## તાપમાન

**મહત્તમ : ૩૨.૫ ડિ.સે.**
**લઘુત્તમ : ૧૭.૫ ડિ.સે.**

## ભેજનું પ્રમાણ

**સવારે ૩૬ ટકા ● સાંજે ૨૯ ટકા**

## મનોરંજન

### મૂવી પ્લેક્સ, કલોલ

**: સ્ક્રીન-૧ :**

ડર્ટી પોલિટીક્સ : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

**સ્ક્રીન-૨ :**

હે... બ્રો : ૧૧.૩૦, ૨.૦૦ ૪.૩૦, ૭.૦૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૩ :**

બદમાશીયાં : ૧૦.૦૦, ૩.૦૦, ૮.૦૦

વાવ : ૧૨.૩૦, ૫.૩૦, ૧૦.૩૦

### સિટીપલ્સ

**: સ્ક્રીન-૨ :**

હે... બ્રો : ૧૦.૦૦

ડર્ટી પોલિટીક્સ : ૭.૦૦

**: સ્ક્રીન-૩ :**

હે... બ્રો : ૧૦.૦૦

ડર્ટી પોલિટીક્સ : ૧૦.૦૦

કિંગ્સમન : સિક્રેટ સર્વિસ (ઈંગ્લીશ) : ૭.૧૫

**સ્ક્રીન-૪ :**

અબ તક છપ્પર-૨ : ૫.૩૦, ૭.૪૫

દમ લગાકે હેઈસા : ૧૦.૦૦, ૧૨.૪૫, ૩.૦૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૫ :**

હે... બ્રો : ૧૨.૩૦, ૫.૩૦

બદમાશીયાં : ૧૦.૦૦, ૭.૩૦, ૧૦.૦૦

ડર્ટી પોલિટીક્સ : ૨.૪૫

## આપની આજ

**મેષ** : તમારા આત્મવિશ્વાસમાં વધારો થશે. ભાગીદારથી લાભ પ્રાપ્ત થવાની સંભાવના છે. આર્થિક ક્ષેત્રમાં વિવાદિત કાર્યોનો હલ કરવા માટે યાત્રા-પ્રવાસ થઈ શકે છે.

**વૃષભ** : કાર્યમાં સમયને મહત્વ ન આપવાને કારણે માનસિક કલેશ થઈ શકે છે. વધુ પ્રયત્ન કરવો પડશે. વિવાદિત કાર્યોમાં સફળતા પ્રાપ્તિ થઈ શકે છે.

**મિથુન** : વિશિષ્ટ ભાગ્યવર્ધક ધાર્મિક કાર્યોના આયોજનો થઈ શકશે. સામાજિક સમસ્યાઓમાં સહયોગ પ્રાપ્ત કરવો પડશે. આર્થિક કાર્યો માટે વિશેષ યાત્રાઓ થઈ શકે છે.

**કર્ક** : કૌટુંબીજનોના સાથ સહકાર- પ્રેમથી મન પ્રસન્નતા પ્રાપ્ત થશે. મિત્રોનાં સહયોગથી કાર્યમાં સફળતા મળવાની સંભાવના વધે છે. વિશેષ સહયોગ, માર્ગદર્શન મળશે.

**સિંહ** : આર્થિક ઉન્નતિ થશે. નોકરીમાં સ્થાનાંતરણનો યોગ બનશે. શારીરિક સુખ પ્રાપ્તિનો યોગ. સામાજિક અને રાજકીય ક્ષેત્રમાં પદ-પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થવાનો યોગ બની રહ્યો છે.

**કન્યા** : યોગ્ય દિશામાં પ્રયત્ન કરવાથી અટકેલા નાણાં પાછા મળશે. ઉપરી અધિકારીઓ દ્વારા આપના પર કાર્યભાર વધી શકે છે. માનસિક શાંતિ જાળવી રાખવી.

**તુલા** : જ્ઞાન શોધના કાર્યોમાં આપનું મન પરોવાશે. ધ્યાન, ગહન શોધ, જ્ઞાન, ગુપ્ત જ્ઞાન સંબંધી કાર્યોમાં તમે જોડાઈ શકો છો. અટવાયેલા કાર્યોમાં આપના કર્મક્ષેત્રમાં ભાગ્યવર્ધક પરિણામ પ્રાપ્ત થઈ શકે છે.

**વૃશ્ચિક** : વ્યાપારમાં પ્રગતિ જણાય. આરોગ્ય પ્રત્યે બેદરકારી ન રાખવી. નવા વાહનની ખરીદી થઈ શકે છે. સામાજિક અને ધાર્મિક કાર્યોથી તમને યશ અને સન્માન પ્રાપ્ત થઈ શકશે.

**ધન** : આવકના નવા સાધનો પ્રાપ્ત થશે. આપ પોતાની બુદ્ધિના ઉપયોગથી કાર્યમાં વિકાસ સાધી શકશો. હિતશત્રુઓ દ્વારા હાનિ થવાની સંભાવના રહેલ છે.

**મકર** : રોજગારીક્ષેત્રમાં નવા રસ્તાઓ તમને મળી શકે છે. કર્મકાંડ આધ્યાત્મ સંબંધી કાર્યોમાં મન લાગશે. આપના પ્રયાસોથી વ્યાપારને ટોચ પર પહોંચાવી શકશો.

**કુંભ** : આપને નાણાંકીય મુશ્કેલીઓનો સામનો કરવો પડી શકે છે. નાણાંકીય કાર્યોમાં સંશોધન થશે. વેપારમાં રોકાણ વિચારીને કરવું. ઘરમાં મહેમાન આવવાની સંભાવના છે.

**મીન** : તમારી મિલનસારિતા અને ધૈર્ય તમને સમાજ અને પરિવારમાં આદરમાન અપાવશે. સામાજિક અને રાજકારણ ક્ષેત્રમાં માન- પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થઈ શકશે.

## ચિરવિદાય

- સ્વ. વિણાબેન પ્રવિણચંદ્ર પારેખ (ઉ.વ.૬૪) ૬૦, ઉર્જાનગર, વિભાગ-૧, રાંદેસણ, ગાંધીનગર
- સ્વ. અમરબા છતુજી ચૌહાણ (ઉ.વ.૫૫) મુ. કોલવડા, તા.જી. ગાંધીનગર
- સ્વ. પરી ધર્મેશભાઈ જોશી (ઉ.વ.૭) બ્લોક નં. ૧૧/૧૨, ઐશ્વર્યા ફ્લેટ, સેક્ટર-૧૯, ગાંધીનગર